सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ એપ્રિલ -૨૦૦૭ અંક - ૫

## વાલીઓને....

વિદ્યાર્થીઓને પ્રવૃત્તિઓ આપીને તેમની શક્તિઓનો વિકાસ કરવાની શારદામંદિરની વિશિષ્ટતા છે. આપણા ધાર્મિક તહેવારો જેવા કે જન્માષ્ટમી, નવરાત્રિ, ગણેશચતુર્થી વગેરે તહેવારો, આ તહેવારોને અનુરુપ પ્રવૃત્તિ આપીને સંસ્થા હંમેશા વિદ્યાર્થીની રચનાત્મક શક્તિને બહાર લાવવા પ્રયત્ન કરે છે. આ બધી પ્રવૃત્તિઓમાં અમને સૌ વાલીઓનો સહકાર મળી રહે છે તેનો આનંદ છે.

શારદામંદિરની એક અન્ય વિશિષ્ટતા સૌ વાલીઓને ખૂબ ગમે છે અને હંમેશા તેનો આનંદ વ્યક્ત કરે છે તે એ છે કે શાળાની અંદર કે શાળાની બહાર દરવાજા પાસે કોઈ પણ ફેરીયા પાસેથી ખાવાની વસ્તુઓ વિદ્યાર્થીઓ ન લે તેનો આગ્રહ છે. આને કારણે વિદ્યાર્થીઓ પ્રદુષિત ખાદ્ય પદાર્થો લેતા બચી જાય છે, તે સૌને ગમે તેવી વાત છે. આ સંદર્ભમાં મારે સૌ વાલીઓનું એ બાબત તરફ ધ્યાન દોરવું જરૂરી લાગે છે કે શાળાની નજીક કોઈ ફેરીયા પાસેથી બાળકો વસ્તુ ન લે તેનો આગ્રહ શાળા રાખે છે પરંતુ શાળાથી થોડાક અંતરે આવેલા પાર્લર પરથી બાળકોને ખાદ્ય પદાર્થો ટોળામાં લેતા જોઈને દુઃખ થાય છે. બાળકોને માટે આ નાસ્તો કેટલો પૌષ્ટિક છે તે સવાલ તો ઉભો જ રહે છે. સાથે સાથે હાથખરચીના પૈસા આ રીતે વેડફી નાખવાની વિદ્યાર્થીઓને ટેવ પડે તે પણ આવકારદાયક નથી. વાલી હાથખર્ચીના પૈસા બાળકને આપે તેની સામે વાંધો ન હોઈ શકે પરંતુ વાલી એ પણ જુએ કે તે યોગ્ય રીતે જ વાપરે. આ અંગે તેને થોડુંક માર્ગદર્શન પણ આપે અને એક ડગલું આગળ રહીને હું જણાવું કે તે બચત કરતા શીખે તે પણ બાળકને શીખવવું જરૂરી છે. આ બાબત સૌ વાલીઓ ધ્યાનમાં લે તેવી મારી વિનંતી છે.

ઈન્દુભાઈ દવે
ના વંદન

## શ્રેણી ૫-૬-૭ના વિદ્યાર્થીઓ માટે વેકેશનના પ્રવૃત્તિ વર્ગો

તા.૭મી મે થી તા.૩૧મી મે સુધી (શનિ,રવિ સિવાય) વેકેશનમાં ધો.૫-૬-૭ના વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિ વર્ગો રહેશે. આ પ્રવૃત્તિઓમાં ગ્લાસ પેઈન્ટીંગ, ફ્લાવર મેઈકીંગ, ફેબ્રીક પેઈન્ટીંગ, કમ્પ્યુટર-ઈન્ટરનેટ વેસ્ટમાંથી બેસ્ટ જેવી પ્રવૃત્તિના વર્ગો ઉપરાંત સામાન્ય જ્ઞાન, બૌધ્ધિક કસોટી, ઉખાણા, શરીર સ્વાસ્થ્યના કાર્યક્રમો રાખવામાં આવશે. આ માટેનું લવાજમ રૂ.૩૫૦ છે. અને તેમાં પાંત્રીસેક વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. તેનું લવાજમ શાળાની ઓફિસમાં ભરી દેવું. સંખ્યા થઈ જતાં લવાજમ લેવાનું બંધ થશે. એક દિવસ ગાંધી આશ્રમની મુલાકાત લેવાનો કાર્યક્રમ આ દિવસોમાં રહેશે. અનુકૂળતા હોય તે આ વર્ગનો લાભ લે.

## સ્મૃતિચિત્રો :

નૈનીતાલના પ્રવાસમાં અમારું મુખ્ય આકર્ષણ તો હંમેશા બીનસર ને કૌસાની હોય જ. બંને સ્થળેથી હિમાલયનાં બરફથી હીમાચ્છાદિત શિખરો જોવાનો લ્હાવો લેવાનો જ.

બીનસર તો અલમોડાથી સાવ નજીક છે પરંતુ કૌસાની અલમોડાથી ઠીકઠીક દૂર છે.

કૌસાની જવા અમે અલમોડાથી વહેલી સવારે નીકળ્યા. ચારેક કલાકના બસના પ્રવાસ પછી નદીનો વિશાળ પટ જોતાં વિદ્યાર્થીને અહીં નાસ્તો આપી દેવો તેવું વિચાર્યું.

સૌ બાળકોને બસમાંથી ઉતાર્યા અને નાસ્તાની તૈયારી કરીએ એટલો વખત વિદ્યાર્થીઓ નદીનાં વિશાળ પટમાં ફરતાં હતા. ત્યાંથી થોડે દૂર એક વિદ્યાર્થિનીને મેં નદીના છીછરા પાણીમાં ઉભેલી જોઈ. એટલે મેં તેને પૂછયું ત્યાં તું શું કરે છે ? બહાર આવી જા. તેણે કહયું કે મારા પગ કાદવમાં ખૂંપતા જાય છે અને મારાથી બહાર નીકળાતું નથી. તે સાથે જ મને ધ્રાસ્કો પડયો અને મને કળણનો વહેમ ગયો. હું તેની નજીક જવા ગયો ત્યાં મારા પગ પણ થોડા ખૂંપ્યા એટલે મેં અમારા બીજા સાથીદારોને બધાને બૂમ પાડી બોલાવ્યા અને આની ગંભીરતા સમજાવી. ત્યાં સુધી તે વિદ્યાર્થિનીને મેં કોઈપણ પ્રકારનો પ્રયત્ન ન કરવાની સૂચના આપી, સુરક્ષિત અંતરે પહોંચાય તે રીતે એક પરસ્પરની સાંકળ બનાવી દીધી. અને થોડા થોડા પ્રયત્ન કરી અમે પાછા હટવા લાગ્યા. અમારા સારા નસીબે તે વિદ્યાર્થિની વધારે ખૂંપી ન હતી એટલે સરળતાથી તેને અમે સૌ બહાર ખેંચી શકયા. ઈશ્વરે અમને એક મોટા અકસ્માતથી બચાવી દીધા તે અમારા માટે બહુ મોટુ આશ્વાસન હતું.

★★★

## સંસ્થાના નિષ્ઠાવાન શિક્ષક

### શ્રી કુમુનભાઈ લાલચંદ શાહને શ્રધ્ધાંજલિ.

શ્રી કુમુનભાઈએ આ સંસ્થામાં ખૂબ લાંબા સમય સુધી પોતાની ઉપયોગી-સેવા આપી. ત્રણેક પેઢીના વિદ્યાર્થીઓને તેમણે ગણિત જેવા શુષ્ક વિષયને ખૂબ રસપૂર્વક ભણાવ્યો. ગણિતમાં તો તેઓ નિષ્ણાત, પરંતુ અંગ્રેજી, સમાજવિદ્યા જેવા વિષયો પણ એટલા જ રસપૂર્વક ભણાવે. શ્રી કુમુનભાઈને ચોકસાઈના પર્યાય તરીકે હું જોતો. પ્રવાસમાં કુમુનભાઈ હોય જ અને સૂક્ષ્મ વિગતો એમની નજર બહાર ન જાય.

વયનિવૃત્તિ પછી પણ સંસ્થાને તેમની સેવાનો લાભ મળ્યો. સંસ્થાના વ્યવસ્થાપક મંડળમાં પણ તેમની સેવા પ્રાપ્ત થઈ.

શ્રી કુમુનભાઈ શિસ્તના અત્યંત આગ્રહી છતાં વિદ્યાર્થીપ્રિય અને નિષ્ઠાવાન શિક્ષક હતા.

તેમના અવસાનથી સંસ્થા દુઃખની લાગણી અનુભવે છે. ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

## 'મારું બાળક એ મારી જ જવાબદારી '

'બેન ! તમે સમાચાર સાંભળ્યા ? સ્કૂલના બાળકોને લઈ જતી વાનમાં આગ લાગી.'

'અરે ! શું વાત કરો છો ? તો બિચારા નાના બાળકો દાઝી ગયા હશે ..'

'અરે ! એ તો એમ કહો .. કે ઈશ્વરકૃપાથી બધાં બચી ગયા, નહીં તો બધાં ત્યાંને ત્યાં ભૂંઝાઈ ગયાં ન હોત ! આ વાનવાળા ડ્રાઈવરો ય ખરાં છે ને ! આવડા નાના છોકરાંઓની જવાબદારી કંઈ આમ આડેધડ લેવાતી હશે ! છોકરાંઓ માટે વપરાતાં વાહન તો બરાબર જ રાખવા જોઈએ ને ! આ તો જાનનું જોખમ કહેવાય .. માબાપ પણ ખરાં છે ને !.. એમનાં બાળકો સોંપી દેતા પહેલાં આ કશો જ વિચાર કરતાં નહીં હોય !'

'અરે ! તમે વાત જ ન પૂછશો. એડમિશન માટે માબાપ આવે એટલે હું તો પહેલા જ પૂછું કે ક્યાં રહો છો ? સ્કૂલથી બહુ દૂર રહેતા હોય તો રોજ લેવા મૂકવા આવવું એ કેટલી મોટી ઉપાધિ ! મારાં છોકરાં નાનાં હતાં ત્યારે મેં તો એક પૉલિસિ નક્કી કરેલી કે પાસે સ્કૂલ એ સારી સ્કૂલ, કારણકે દૂર સ્કૂલ હોય એટલે છોકરાંને આવવા જવાનાં સમય શક્તિ અને નાણાના વ્યયમાં તો અડધા થઈ જવાય છે. પેલા ક્રિશ્નાને રોજ માથું દુઃખે, તેને કારણે એ બરાબર ભણી જ ન શકે, પણ શું કરે ? સ્કૂલ ઘરથી ખૂબ દૂર, રોજ ઘેરથી સ્કૂલે આવતાં કલાક, ને ઘેર જતાં ય કલાક, રીક્ષામાં આટલો સમય ઘઘરાટી સહન કરી માથું ન દુઃખે ? પેટમાં લોચા ન વળે ! અરે ! અવારનવાર તેને ઉલ્ટીઓ પણ થાય ને લેવા ઘેરથી કોઈને બોલાવવું પડે પણ સારી સ્કૂલનો મોહ હોય તો શું થાય ! રીક્ષાવાળો તો રીક્ષામાં બકરાની જેમ બારપંદર છોકરાને ભરે, અરે ! બીચારાથી શ્વાસે ય ન લેવાય ને ગૂંગળાઈ જાય તેવા ભરે, આટલાં છોકરાંઓને ઉઘરાવતા ઉઘરાવતા આવવાનું ને ઉતારતા ઉતારતા જવાનું ... એના કરતાં દૂરની જ સ્કૂલ પસંદ કરવી હોય તો મા પોતે જ સ્કુટર પર લેવા મૂકવાની જવાબદારી સંભાળી લે તો ! પણ એ જવાબદારી સંભાળવાની માની ય તૈયારી જોઈએ ને ! આજની શિક્ષિત કહેવાતી માને એ સમય અને એ ઉત્સાહ છે ખરો ! મોટાભાગની માતાઓ તો પૈસા ખર્ચીને પોતાની જવાબદારી બીજાને શીરે સોંપવાની જ તરફેણમાં હોય પછી રીક્ષાવાળો હોય કે વાનવાળો હોય, 'એ રોજ રોજ કંઈ આપણને ઓછું ફાવે ?આપણે તો બીજા કેટલા કામ હોય ! ' આજની આધુનિક માતાની Priorities માં પોતાના બાળકનો ક્રમ ઘણો પાછળ આવે છે. ઈશ્વરે માતામાં વિશ્વાસ મૂકીને તેને બાળક જેવી મહામૂલી ભેટ આપી છે, પોતાની મહાત્વાકાંક્ષા પાછળની આંધળી દોટમાં તેનાં મહામૂલા બાળકને આમ ગમે તેવા ભાડૂતી માણસને ભરોસે કેવી રીતે મા સોંપી દેતી હશે !

અરે ! હજી ગઈકાલનો જ પ્રસંગ, હું સ્કૂલમાં આવી રહી હતી. સામેથી સ્કૂલના બાળકોને લઈને આવતી વાન, એકદમ રોંગ સાઈડથી ધસી આવી ને પાનના ગલ્લાં પર એકદમ ચીસ પાડતી બ્રેક મારી ઉભી રહી અને ગુટખાનાં પેકેટો ડ્રાઈવરે ખરીદ્યાં, વાનમાં મોટેમોટેથી ફીલ્મનાં ખૂબ અશ્લીલ ગીતો વાગી રહયાં હતાં, નાનાં છોકરાંઓની અંદર મારધમાલ ચાલી રહી હતી અને મને આ દ્રશ્ય જોઈને અરેરાટી છૂટી. મારી સ્કૂલનાં કેમ્પસમાં હું વાલીને પાનમસાલા સાથે અંદર આવવા નથી દેતી, અરે ! પટાવાળાને ય સ્કૂલમાં પાનમસાલો ખાવાની બંધી છે કારણકે બાળક તો જુએ એવું શીખે, બાળકને નાનપણથી જ આ પ્રદૂષણથી દૂર રાખવા હું કેટલી બધી તકેદારી રાખું છું ! ત્યારે બીજી તરફ કેટલાક વાલી ગલોફામાં મસાલો ભરી કે પાન વાગોળતા મારી ઓફિસમાં પ્રવેશે ત્યારે મારે ના છૂટકે કહેવું પડે છે, 'ભાઈ આ તો સરસ્વતિનું મંદિર છે. અહીં પાનમસાલા ન ખવાય, આ નાના બાળકો તો જેવું જુએ તેવું શીખે એ સંસ્કારની વાત છે, બાળક આપણે કહીએ તેમ નહીં પણ આપણે કરીએ તેમ કરે છે..'

બાળક નાનું હોય ત્યારથી જ તેના મગજમાં કેટલીક વસ્તુઓ માટેની છીત અછીત ઉભી કરવીપડે છે અને એ માટે આપણે ઘણી તકેદારી રાખવી પડે તેવું છે. આજના આપણાં બાળકો બહુ ઘેરા પ્રદૂષણમાં જીવી રહ્યા છે, ચારે બાજુ ટી.વી. અને ચલચિત્રોએ તો સંસ્કારીતા અને ઘડતરનો ડાટ વાળી દીધો છે, બાળકોને એમાંથી બચાવવું એટલે સામે વહેણે તરવા જેવું છે. એવા સંજોગોમાં આવા માણસોને ભરોસે આપણે આપણા કુમળા અને નિર્દોષ, નાદાન બાળકોને સોંપી દઈને કેટલી મોટી ભૂલ કરીએ છીએ !

સ્કૂલમાં રોજેરોજ છોકરાંઓના વર્તનનાં પ્રશ્નો ઉપસ્થિત થાય છે. કોઈ ગાળો બોલતું હોય તો કોઈ ચોરી કરતું હોય , કોઈ મારામારી કરતું હોય તો કોઈ જાણે નર્યો આતંકવાદ જ ફેલાવતો હોય, આપણને ય આશ્ચર્ય થાય કે બાળકમાં આટલો અજંપો આવે છે ક્યાંથી ?... બાળક આવું બધું શીખે છે ક્યાંથી ? માબાપને મળવા બોલાવીએ તો તે તો ઘણા સંસ્કારી લાગે, બાળકમાં આ અજંપો , આ આતંકવાદ,ગેરશિસ્ત,મારામારી આ બધું આ રીક્ષા અને વાનમાં આવવા જવામાંથી શરૂ થાય છે. સારા ફળો જોડે એક ખરાબ ફળ મૂકો તો એક ખરાબ ફળ સારું નહીં થાય પણ પેલા સારા ફળ તરત બગડશે, એવું જ આમાં થાય છે અને એટલે જ હું માબાપને સતત કહું છું. તમારા બાળકની જવાબદારીમાંથી તમે ક્યારેય છૂટવા પ્રયત્ન ન કરો. ગમે તેવા માણસોને ભરોસે તેને ન સોંપો, વખત બહુ ખરાબ છે. હમણાં જ નિરાલીના મમ્મી કહે, મારી નિરાલીનો રીક્ષાવાળો રોજ એનો હાથ પકડીને એની ઘડીયાળમાં જ ટાઈમ જુએ છે, નવ દસ વર્ષની નિરાલી સાથેની રીક્ષાવાળાની આ ચેષ્ટા કેવી રીતે સહન થાય ! છતાંય નિરાલીના મમ્મી એને કહેતા મૂંઝાય છે કે પછી એને લેવા મૂકવાની જવાબદારી કોણ સંભાળે ! આજની શિક્ષિત માતાઓ, આ બધું કેવી રીતે ચલાવી લઈ શકે છે તે જ મને તો સમજાતું નથી.અરે!હોળીનાં દિવસો દરમ્યાન કિશોરાવસ્થાએ પહોંચેલી છોકરીઓ સાથે ખરાબ વર્તન કરતાં વાનવાળા ને રીક્ષાવાળા પણ મેં જોયા છે. સાવ નાની છોકરીઓને ય કોઈને ભરોસે મૂકાય તેવું વાતાવરણ રહયું નથી ત્યારે આમ છોકરીઓને માબાપ કઈ રીતે સોંપે છે તે જ મને તો સમજાતું નથી.. માબાપની પોતાના સંતાન પ્રત્યેની આ ઉદાસીનતા જોઉં છું ત્યારે મને દુઃખ થાય છે.. ક્યારેક તો એમ થાય છે કે કોને ભણાવવા ? બાળકને કે માબાપને ? મારું બાળક એ મારી ચેલેંજ છે, એને હું જ સાચવીશ, એને હું જ ઉછેરીશ.. એના પરીક્ષાના માર્કસ માટે માટે મા આકાશપાતાળ એક કરે છે પણ એના ઘડતર માટે કેમ એ આમ ઉદાસીનતા સેવે છે ? કે પછી પૈસા ખર્ચીને પોતાની જવાબદારીમાંથી છૂટતી એ માતાને તેમાંથી ઉભા થતાં બીજાં દૂષણોનો ખ્યાલ જ નથી કે શું ! છોકરાં ઉછેરવાં સહેલાં નથી...' બાળઉછેર એ એક સાધના છે. સાધના વિના સિધ્ધિ શક્ય નથી.

**ઊર્મિલા શાહ**

કેટલાક બહુ પ્રવૃત્તિશીલ માબાપોને બાળકો માટે સમય હોતો નથી. આવા માબાપોના સમયનું રોકાણ પૈસો અને પ્રતિષ્ઠા રળવા માટે થતું હોય છે. આવાં માબાપો પોતાની બ્લ્યૂ પ્રિન્ટ પ્રમાણે બાળકોનું ઘડતર કરવાનો કોન્ટ્રેક્ટ શિક્ષકોને આપી દે છે. એટલે બાળકને કાં માબાપ દ્વારા ને કાં શિક્ષકો દ્વારા ઉપદેશો ને હુકમો જ ઝીલ્યા કરવા પડે છે.

આઈન્સ્ટાઈને સરસ વાત કરી છે કે - બાળક એક જ્યોત છે. દરેક જ્યોત એકસરખું અજવાળું આપી શકતી નથી.પણ દરેક જ્યોત -ભલે પોતાની શક્તિ અનુસાર-અજવાળું આપી શકે છે તે નક્કી વાત છે ! **- સંકલન**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૩૧-૧-૦૭ને બુધવારથી રમતગમત હરીફાઈ યોજવામાં આવી. સંગીતખુરશી, લીંબુચમચો, દોડ, વિઘ્નદોડ, ઘનની રમત, ત્રિપગી દોડ જેવી રમતોમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

તા.૧૦-૨-૦૭ને શનિવારે વસંતના ગીતો ઉત્સાહભેર ગાઈ બાળકોએ વસંતોત્સવ ઉજવ્યો.

તા.૧૫-૨-૦૭ને ગુરુવારે મહાશિવરાત્રી પર્વનું મહત્વ સમજાવતું 'સાચાબોલા હરણાં' નાટક ભજવવામાં આવ્યું. આ નાટક બાળકોએ ખૂબ માણ્યું.

તા.૨૩-૨-૦૭ને શુક્રવારે તાલીમના બાળકો માટે ચિત્ર હરીફાઈ યોજવામાં આવી. તેમજ બ વિભાગના બાળકોએ દોરેલ ચિત્રમાં રંગ પૂર્યા. બાળકોએ રંગ અને રેખા દ્વારા સુંદર રીતે અભિવ્યક્તિ કરી.

તા.૧-૩-૦૭ને ગુરુવારે તાલીમ અને બ વિભાગના બાળકોએ પોતાની જ ઉંમરના બાળકોએ તૈયાર કરેલ એક સુંદર નાટક નિહાળ્યું. રાજા હિરણ્યકશ્યપના હુકમથી બ્હેન હોલીકા નાનકડા પ્રહલાદને ખોળામાં લઈ અગ્નિમાં બેઠી. વિષ્ણુભક્ત પ્રહલાદ બચી ગયા અને હોલીકા બળી ગઈ. આમ અધર્મ પર ધર્મનો વિજય થયો એ ધાર્મિક પ્રસંગને વણી લેતું આ સુંદર નાટક બાળકોને બતાવી આપણાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવામાં આવ્યું.

તા.૨-૩-૦૭ને શુક્રવારે હોળી ઉત્સવની ઉજવણી કરવામાં આવી. સુંદર ચણિયાચોળી અને ઝભ્ભા લેંઘામાં સજ્જ થઈ આ નાના ભૂલકાંઓ હોળીના રંગે રંગાઈ ગયા. ત્યારબાદ પર્યાવરણને નુકશાન ન થાય એ રીતે નાની એવી હોળી પ્રગટાવવામાં આવી. ત્રણેય વિભાગના નાનકડા બાળકોએ ઉત્સાહભેર દર્શન કરી ધાણી, ચણા, ખજૂરનો પ્રસાદ લીધો. અબીલ ગુલાથી હોળી રમી બાળકોએ શાળાનું આખુંય વાતાવરણ રંગોથી ભરી દીધું.

તા.૧૫-૩-૦૭ને શનિવારે તાલીમ અને બ વિભાગના બાળકોએ દલાતરવાડી પપેટ નિહાળ્યું. રીંગણના શોખીન દલાતરવાડીને કૂવામાં ડૂબકા ખાતા નીહાળવાની બાળકોને ખૂબ મજા આવી.

તા.૧૯-૩-૦૭ને સોમવારે ગુડી પડવા નિમિત્તે બાળકોને લીમડાનો રસ પાવામાં આવ્યો. ચૈત્ર માસ દરમ્યાન કડવા લીમડાના રસના સેવનનું મહત્વ સમજાવ્યું. આ નાના ભૂલકાંઓ કડવા લીમડાનો રસ પણ હર્ષભેર પી ગયા. ત્યારબાદ પેંડો ખાવાની મજા માણી. ગુડીપડવાનો આ તહેવાર મહારાષ્ટ્રીયન લોકોનું બેસતુ વર્ષ છે. આ અંગે પણ માહિતી આપી.

તા.૧૯-૩-૦૭ને સોમવારે સિંધીઓના તહેવાર ચેટીચાંદ અંગે માહિતી આપી.

તા.૨૪-૩-૦૭ને શનિવારે બીકણ સસલી નાટક ભજવવામાં આવ્યું. જંગલમાં દોડાદોડી કરતા બીકણ સસલીબેનને જોવાની બાળકોને ખૂબ મજા આવી.

તા.૨૬-૩-૦૭ને સોમવારે દશરથરાજાના પુત્ર ભગવાન રામના જન્મ વિશે વિસ્તૃત માહિતી આપી શ્રી રામનામની ધૂન મચાવી.

તા.૩૦-૩-૦૭ને શુક્રવારે મહાવીર ભગવાનના જન્મ અંગે માહિતી આપી. તેમની કઠોર તપશ્ચર્યાના પ્રસંગો સમજાવી સ્તવન ગવડાવ્યા.

## શિશુમંદિર

વર્ષ દરમ્યાન યોજાયેલ સમગ્ર આંતરગૃહ સ્પર્ધાઓનું પરિણામ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ધવલગિરિ | ૩૩૦ |
| મેઘનાદ | ૨૬૫ |
| ગંગોત્રી | ૨૦૦ |
| રત્નદીપ | ૧૬૫ |

## વિનયમંદિર

**નિબંધ સ્પર્ધા :** તા.૧૩-૨-૦૭

| | | | |
|---|---|---|---|
| **ગુજરાતી** | પ્રથમ | રિધ્ધિ મહેતા | પદ્મપુકુર |
| | દ્વિતીય | સાગર ધકાન | ગીતગોવિંદ |
| | | શૈલ દવે | ચંદ્રમૌલિ |
| | તૃતીય | ખુશ્બુ શાહ | ચંદ્રમૌલિ |
| | | કોમલ ભટ્ટ | ચંદ્રમૌલિ |
| **હિન્દી** | પ્રથમ | મૈથિલી મહેતા | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | વિધિ વોરા | ચંદ્રમૌલિ |
| | તૃતીય | હેલી વસાણી | પદ્મપુકુર |
| | | ધરા રાણપુરા | મેઘદૂત |
| **અંગ્રેજી** | પ્રથમ | વિદિત શાહ | પદ્મપુકુર |
| | દ્વિતીય | સૌમ્ય શાહ | પદ્મપુકુર |
| | | દિવ્યરાજ ઝાલા | પદ્મપુકુર |
| | તૃતીય | શૈલજા શાહ | મેઘદૂત |
| | | પાર્થ ભિમાણી | મેઘદૂત |

વર્ષ દરમ્યાન યોજાયેલ આંતરગૃહ સ્પર્ધાઓનું પરિણામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| પદ્મપુકુર | ૨૫૭ |
| ચંદ્રમૌલિ | ૨૧૦ |
| મેઘદૂત | ૧૪૧ |
| ગીતગોવિંદ | ૧૦૫ |

તા.૨૨-૨-૦૭ને ગુરવારના રોજ ધો.૯ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે I.Q. અને Aptitude Test યોજાયો. ધોરણ ૧૦ પછી વિદ્યાર્થીઓએ કયો પ્રવાહ પસંદ કરવો અને કારકિર્દીનાં કયા ક્ષેત્ર માટે તેનામાં અભિયોગ્યતા અને અભિરૂચિ છે તેનું ખૂબ સારું માર્ગદર્શન આવા test થી મળે છે.

****

કેટલાંક માતાપિતા જાણે છે કે પોતાના બાળકને શિક્ષણ મળવું જોઈએ અને તેઓ તેને શિક્ષણ આપવાનો પ્રયત્ન પણ કરે છે. પરંતુ બાળકને શિક્ષણ આપવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે સૌથી પહેલું કર્તવ્ય પોતે શિક્ષણ પ્રાપ્ત કરવું તે છે. એ વાત આમાંથી બહુ થોડા લોકો - જે લોકો આ બાબતમાં અત્યંત તત્પર અને સાચાં હોય છે તેમાંથી પણ બહુ થોડા લોકો - જાણતાં હોય છે. પોતાના વિષયમાં જાગૃત થઈએ અને પોતાની જાત ઉપર પ્રભુત્વ મેળવીએ જેથી આપણે આપણા બાળક સમક્ષ કોઈ ખોટું ઉદાહરણ રજૂ ન કરીએ. ફક્ત આચરણ દ્વારા જ શિક્ષણ ફળદાયી બને છે... સચ્ચાઈ, ઈમાનદારી, સ્પષ્ટકથન, સાહસ, નિઃસ્પૃહતા, ધૈર્ય, સહનશીલતા, ખંત, શાંતિ, સ્થિરતા, આત્મસંયમ વગેરે એવા ગુણો છે, જે સુંદર ભાષણો કરતાં પોતાના આચરણ દ્વરા અનંત ગણી સારી રીતે શીખવી શકાય છે.

**- શ્રી માતાજી**

**ઈશ્વરની સૃષ્ટિમાં બાળક એક અદ્‌ભૂત નિર્દોષ સર્જન છે.આપણે તેની સમક્ષ માનપૂર્વક ઊભાં રહી,તેના વિકાસના ક્રમને ઓળખીને તેને અનુકૂળતા કરી આપીએ.**

**- ગિજુભાઈ**

'બાળક' એ માનવીની ભાષાનો સૌથી વધુ નિર્દોષ શબ્દ છે. માનવજાત પ્રત્યે કેવી નિર્દોષતાની ઈશ્વરની અપેક્ષા છે એ એણે બાળકનું સર્જન કરીને બતાવ્યું છે. માનવીને પજવી રહેલાં બધાં અનિષ્ટોથી બાળક મુક્ત હોય છે. એની આંખોમાં વિસ્મય છે, એના ચહેરા પર હાસ્ય છે. રુદન પણ બાળકને આગવું સૌંદર્ય બક્ષે છે. રૂદનવાળી આંખો કોરી થાય તે પહેલાં હોઠ પર સ્મિતની ભીનાશ પ્રગટી શકે છે. બાળક એ ઈશ્વરના વિકલ્પે પૂજી શકાય તેવું પાત્ર છે. એટલે બાળક સમક્ષ ઉભાં રહેવામાં લાયકાતનો ખપ પડે છે. બાળક સાથે યોગ્ય રીતે વર્તતાં આપણને ઓછું આવડે છે.

બાળકના વિકાસનો એક ચોક્કસ ક્રમ હોય છે.આ ક્રમને એનો પોતાનો લય હોય છે. આપણી દ્રષ્ટિ આ લયને ઓળખવા ટેવાયેલી નથી એટલે ઘણા કિસ્સાઓમાં આ લય તૂટતો જોવા મળે છે. લય તૂટે એટલે સંવાદિતા સચવાય નહીં. આ તૂટેલા લયની જવાબદારી આપણે બાળક પર ઢોળી દઈએ છીએ. વિકાસના દરેક તબક્કે બાળક ચોક્કસ પ્રશ્નો લઈને હાજર થાય છે. આવે વખતે એને સમજવાની દ્રષ્ટિ કેળવવાને બદલે બાળકને હડધૂત કરી દેવામાં આવે છે. બાળકને હડધૂત કરતી વખતે, એની વાત સાંભળવાનો ઈન્કાર કરતી વખતે, એને ધીરજપૂર્વક સમજાવવાને બદલે, એને દમદાટી આપીને મૂંગુ કરી દેતી વખતે બાળકના ચિત્તતંત્રને કેટલી વેદના પહોંચાડીએ છીએ એનો આપણને ભાગ્યે જ અંદાજ હોય છે. બાળક મોટું થયા પછી જે કંઈ અવગુણો પ્રગટ કરે છે તેનાં બીજ આપણે જ રોપ્યાં હોય છે. છતાં 'મારા જેવા સંસ્કારી માણસનો છોકરો આવો કાં ?' એવો પ્રશ્ન આપણને સતાવે છે તે એક રમૂજભરી કરુણતા છે. બાળકને પ્રેમ સિવાય અને જે કંઈ શકયતાઓ એનામાં વિકસવાની વાટ જોતી પડી હોય છે તેને અનુકૂળતા કરી આપવા સિવાય માબાપે કે શિક્ષકે ભાગ્યે જ કશું કરવાનું હોય છે. પણ મોટેભાગે આ બે સિવાયનું જ બધું કરવાની આપણી જીદ હોય છે.

**- રતિલાલ બોરીસાગર**
**( બાલવંદના )**

મોટેરાંઓ બાળકને ચાહે છે ખરાં , પણ ઓળખતાં નથી. કોઈને એમ કહેવું કે તમે તમારા બાળકને ઓળખતા નથી એ હસવા જેવું લાગશે, પણ હસવા જેવી વાત સાચી છે. બાળક અજ્ઞાન છે, બાળક અબૂધ છે, બાળક મૂર્ખ હોય, બાળક માથાકૂટ કરાવે, બાળક કચકચિયું હોય, બાળકથી કશું ન થાય, બાળક ભાંગી નાખે, બાળક ફોડી નાખે - આવા અનેક ખોટા ખ્યાલો બાળક વિશે બધે જોવામાં આવે છે. આ બધા ખ્યાલો બાળકને અનુકૂળ બનવાની મોટેરાંઓની અણઆવડત અને અજ્ઞાનમાંથી પેદા થાય છે. બાળકને અનુકૂળ થવાને બદલે બાળકે જ આપણને અનુકૂળ થવું જોઈએ એવો દુરાગ્રહ મોટેરાંઓ રાખે છે.

**- હરભાઈ ત્રિવેદી**

**બાળકનું ખરું ઘડતર કયાં થાય છે અને કઈ રીતે થાય છે ?**

માણસનું ઘડતર સ્કૂલ-કોલેજમાં થતું નથી, અને પરીક્ષા-અભ્યાસક્રમ દ્વારા પણ થતું નથી. ખરું ઘડતર ઘેર જ થાય છે, જીવનનાં કુમળાં વર્ષોમાં થાય છે. અને શીખવનારને ખબર પણ ન પડે એવી રીતે થાય છે.

બાળકના મનમાં આંખ અને કાનની વાટે નવા નવા અનુભવો આવતા જાય છે. એ પોતાના કામમાં એટલે પોતાની રમતમાં, મસ્તીમાં, જીવનમાં જ ડૂબેલું છે, એટલે એને ખબર નથી કે આ શું છે અને આને શું કહેવાય. પણ મનમાં સૂર આવે જ છે. અને એ મોટું થશે. જીવનમાં ચાલતું થશે, પોતાની મેળે જીવતું થશે ત્યારે એ સૂર આપોઆપ એના મોંમાંથી નીકળશે, એ વર્તન ને એ સિદ્ધાંતોને એ આદર્શો ને એ વિકૃતિઓ એના ચારિત્ર્યમાં દેખાશે અને એને પોતાને નવાઈ લાગશે. આ સૂર મારે કંઠે કયાંથી ? આ ઝોક મારા વર્તનમાં કયાંથી ? આ સંસ્કારો મારા જીવનમાં કયાંથી ?

જરા પાછા જાઓ. યાદ કરો. તપાસ કરો. ઘરમાં, નાનપણમાં શું શું જોવા મળ્યું અને શું શું સાંભળવા મળ્યું એ જુઓ. એ વખતે ખબર તો નહોતી પણ માબાપનું જીવન દેખાતું હતું. ઘરનું વાતાવરણ ઝીલાતું હતું, ગીતના સૂર રેલાતા હતા. ને હવે એ સૂર નીકળી જાય છે અને સૌને સંભળાય છે.

જોવાનું તો એટલું જ છે કે જીવનને પરોઢિયે બાળકના મનમાં જાય છે એ સૂર વિલાસી ફિલ્મી ગીતોના છે કે મોંઘા શાસ્ત્રીય સંગીતના.

**- ફાધર વાલેસ**

દરેક બાળકનો જન્મસિદ્ધ હક છે કે -
અને હેત મળે, પ્રેમ મળે,
યોગ્ય રીતે સમજવામાં આવે,
પૂરતું પોષણ અને તબીબી સંભાળ મળે,
એને વિનામૂલ્યે શિક્ષણ પ્રાપ્ત થાય,
રમત-ગમતની મોકળી તક મળે,
પોતાની અસ્મિતા અને રાષ્ટ્રીયતા સાંપડે,
જો અપંગ હોય તો ખાસ કાળજી લેવાય,
આપત્તિમાં રાહત અપાય, એમાં એને પણ અગ્રતા મળે,
સમાજને ઉપયોગી થતાં શીખે,
અને પોતાની શક્તિઓ વિકસાવી શકે,
શાંતિ અને વિશ્વબંધુત્વની ભાવના વચ્ચે એ ઉછેરાય,
તથા જાતિ-રંગ-જાતીયતા-ધર્મ-દેશ કે
સમાજના કોઈ પણ ભેદભાવ વિના
પોતાના આ સર્વ હક્ક એ ભોગવે.

**(સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભામાં ૨૦મી નવેમ્બર, ૧૯૫૮માં સ્વીકૃત અને ઘોષિત )**

**- સંકલન**

**સૂચના :** વિદ્યાર્થીઓને શૈક્ષણિક દ્રષ્ટિએ ખૂબ ઉપયોગી થાય તેવી વેબસાઈટનું માર્ગદર્શન વેકેશન દરમ્યાન ઓફિસમાંથી વિદ્યાર્થીઓ મેળવી શકશે. જેમને રસ હોય તેઓ જરૂર તેમનો લાભ લે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com
Fax : (079) 26622480